# શામળાજી મંદિર પરિસરમાં ૩૧મી ઓગષ્ટે મુખ્યમંત્રીના હસ્તે ભૂમિપૂજન

## રૂ. ૭૫ કરોડના ખર્ચે પાર્કીંગ, બગીચા અને નદી કિનારે ઘાટ વિકસાવાશે

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લામાં આવેલા યાત્રાધામ શામળાજી ખાતે મંદિર પરિસર તથા અન્ય સુવિધાઓના વિકાસ માટે રૂ. ૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જેના ભાગરૂપે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે આગામી તા. ૩૧ ઓગષ્ટના રોજ ભૂમિપૂજનનો કાર્યક્રમ યોજાશે.

આ અંગે જિલ્લા કલેક્ટર જયપ્રકાશ શિવહરેના અધ્યક્ષસ્થાને તાજેતરમાં વિવિધ વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં ચર્ચા-વિચારણા કરવા કલેક્ટર કચેરીના સભાખંડમાં બેઠક યોજાઈ હતી. જેમાં શામળાજી વિકાસ સમિતિની રચના કરાયા બાદ શામળાજી પરિસરના વિકાસ માટે રૂ. ૭૫ કરોડના ખર્ચ નદી કિનારે ઘાટ, પ્રવાસીઓ માટે અદ્યતન પાર્કીંગ વ્યવસ્થા, બગીચો, શોપીંગ પ્લાઝા ઉપરાંત જિલ્લાના વિકાસની ઝાંખી કરાવતું પ્રદર્શન સહિતની અન્ય નાગરિક સુવિધાઓ ઉભી કરવા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આગામી તા. ૩૧ ઓગષ્ટના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ભૂમિપૂજનનો કાર્યક્રમ યોજાનાર છે ત્યારે તે પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યા બાદ જરૂરીયાત મંદ લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવશે. કલેક્ટરના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં શામળાજી ટ્રસ્ટના પ્રમુખ મહેશભાઈ ઉપાધ્યાય, ટ્રસ્ટી મંડળના સભ્યો, જિલ્લા પોલીસ અધિક્ષક, નિવાસી અધિક કલેક્ટર એમ. જે. ઠક્કર, પ્રાંત અધિકારીઓ સહિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસાના રેજીમેન્ટ વિસ્તારમાં રહેતા શ્રમજીવી યુવકનુ શંકાસ્પદ મોત

ડીસા, તા. ૨૩

ડીસાના રેજીમેન્ટ વિસ્તારમાં રહેતા એક શ્રમજીવી યુવકને બે દિવસ અગાઉ ફુવારા સર્કલ નજીક કોલ અજાણ્યા ઈસમો સાથે કજીયો તકરાર થઈ હતી. જેમાં આ યુવકને કેટલાક ઈસમોએ મુઠમાર ગડદા પાટુનો માર માર્યો હતો.

આ યુવકે તે બાદ તકરારની વાત પોતાના પરીવારજનોને કરી હતી. જો કે પેટના ભાગે મુઢમારથી થયેલ ઈજાઓથી કળસતા યુવકે આજે વહેલી સવારે આખરી શ્વાસ લઈ જીવન ટુંકાવતા આ સમગ્ર મામલો ભારે ચકચારી બનેલ છે અને યુવકની અજાણ્યા ઈસમોએ માર મારી હત્યા કરી હોવાનુ તેમના પરીવારજનોએ જાહેર કર્યુ હતું. આ મામલે ડીસા શહેર પોલીસે મૃતકના ભાઈ દ્વારા જાણ કરાતા પોલીસે અકસ્માતે મોત નો ગુનો દાખલ કરી મૃત યુવકનુ પેનલમાં પી.એમ.કરાવી આગળની તપાસ હાથ ધરેલ છે.

આ ચકચારી ઘટનાની વિગતો જોઈએ તો ડીસાના શ્રમજીવી એવા રેજીમેન્ટ વિસ્તારમાં રાજપુત ભુપતસીંહ સેનાજી ઉમર વર્ષ-૩૦વાળાઓ રેજીમેન્ટમાં પરીવાર સાથે રહેતો હતો. જેઓને ગત ૨૦ ઓગસ્ટ ૨૦૧૨ના રોજ ફુવારા સર્કલ પાસે સાંજના સુમારે કોઈ અજાણ્યા ઈસમો સાથે તકરાર ઉભી થઈ હતી. આ તકરારમાં અજાણ્યા ઈસમોએ રાજપુત ભુપેન્દ્રસીંહને પેટના ભાગે ગડદાપાટુનો મુઢ માર માર્યો હતો. જેથી આ યુવક બેહોશ થઈ ગયો હતો. હુમલો કરી હુમલાખોરો ભાગી છુટયા હતા. તે બાદ આ યુવકને સ્થાનીકોએ રીક્ષામાં તેના પરીવાર જનો પાસે પહોચતો કર્યો હતો. હોશમાં આવ્યા બાદ આ યુવકે પેટમાં અસંખ્ય દુખાવાની ફરીયાદ કરી તેના પરીવાર જનોને જણાવેલ કે ફુવારા સર્કલ પાસે અજાણ્યા ઈસમોના મારથી તેના પેટલમાં અસહ્ય દુખાવો થાય છે. ત્યાર બાદ આ યુવકને પરીવાર જનોએ પ્રથમ ડીસાની સીવીલ હોસ્પીટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા. ત્યારબાદ અન્ય ખાનગી હોસ્પીટલોમાં સારવાર અપાવી હતી.

જો કે આ યુવકને અંદરના ભાગે ગંભીર ઈજાઓ હોઈ આજે વહેલી સવારે પેટની ઈજાઓથી કરૂણ મોત નિપજયું હતું. આ મામલે તેના પરીવાર જનોએ શહેર પોલીસ મથકે જાણ કરી હતી. શહેર પોલીસે મૃતકના ભાઈ મદનસીંહની ફરીયાદના આધારે પંચનામુ કરી મૃતકની લાશને પી.એમ.અર્થે મોકલી હતી. આ મામલે પોલીસે મોતનુ ચોકકસ કારણ જાણ્યા બાદ તબીબી અભીપ્રાયે આગળની કાર્યવાહી હાથ ધરાશે એવુ જણાવ્યું હતું.

જયારે બીજી તરફ આસાસ્પદ એવા યુવક શંકાસ્પદ મોતથી સમગ્ર રાજપુત સમાજમાં ઘેરા શોકની લાગણી છવાઈ હતી.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## નેશનલ કોરીડોર પ્રોજેક્ટ માટે થયેલ જમીનના સર્વેનો ગ્રામજનો દ્વારા ઉગ્ર વિરોધ

ડીસા, તા. ૨૩

જિલ્લા મથક પાલનપુર ખાતે જિલ્લા કલેકટર કચેરીએ અગાઉ ઈકબાલગઢ નેશનલ કોરીડોર પ્રોજેકટ માટે થયેલ જમીન માપણી અને સર્વેનો આ વિસ્તારના ઈકબાલગઢ અને જે તે ગામના ખેડુતોએ ઉગ્ર વીરોધ નોધાવ્યો હતો. અને આવેદન પત્ર આપી આ પ્રોજેકટથી અસરગ્રસ્ત બનતા તમામ ગામોના હજારો ખેડુતોએ પોતાનો ઉગ્ર વીરોધ નોધાવ્યો હતો. જો કે આ મામલે તે બાદ રાજય સરકારના અનેક મંત્રીઓ તથા પ્રતીનીધીઓએ પણ અસરગ્રસ્ત ખેડુતો ના પડખે રહી નેશનલ કોરીડોર પ્રોજેકટનો વિરોધ નોધાવતા જે તે વખતે આ પ્રોજેકટ સ્થગીત કરાયો હતો. જો કે આ પ્રોજેકટ મામલે પાલનપુર તાલુકાના જોડનાપુરા બાજુપુનઃ રેલ્વે કર્મચારીઓએ સર્વે હાથ ધરાતા આ મામલે ખેડુતો વીફર્યા હતા. અને બંધ કરાયેલા આ પ્રોજેકટને પુનઃ ચાલુ કરવાની રેલ્વેની હીલચાલનો પાલનપુરના જોડનાપુરા ગામ પાસે પહોચી રેલ્વે ટ્રેક પર ઉભા રહી ખેડુતોએ ઉગ્ર વીરોધ નોધાવ્યો હતો.

# બનાસ ડેરીની ડીસા બેઠક માટે વાઈસ ચેરમેન સહીત પાંચ ઉમેદવારોએ નોધાવી ઉમેદવારી

ડીસા, તા. ૨૩

બનાસ ડેરીની ડીસા બેઠક માટે આજે બનાસડેરીના વર્તમાન વાઈસ ચેરમેન જોરાભાઈ રબારી સહીતના પાંચ ઉમેદવારોએ ડીસા મામલતદાર કચેરીએ ઉમેદવારી પત્ર ભર્યું હતું.

જેનાથી બનાસ ડેરીની વ્યવસ્થાપક મંડળની ૯મી સપ્ટેમ્બરના રોજ યોજાનાર ચુંટણીઓમાં રાજકીય ગરમાવો આવેલ છે.જેની વીગતો જોઈએ તો ધી બનાસકાંઠા જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘની વ્યાસ્થાપક મંડળની ચુંટણીઓ આગામી ૯મી સપ્ટેમ્બરના રોજ યોજાનાર છે.

જેમાં ડીસા બેઠક માટે આજરોજ મામલતદાર કચેરી બનાસ ડેરીના વર્તમાન વાઈસ ચેરમેન રબારી જોરાભાઈ વીસાભાઈ રહે.રસાણા મોટા તેમજ રબારી ખેતાભાઈ જગમાલભાઈ, રબારી ધેગાભાઈ કરશનભાઈ, દેસાઈ ભગવાનભાઈ માધાભાઈ તેમજ દેસાઈ મફાભાઈ હરીભાઈ સહીતના પાંચેય રબારી સમાજના આગેવાનોએ આજે બનાસકાંઠા જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘની ડીસા બેઠક માટે ની ઉમેદવારી નોધાવી મામલતદાર નવલદાન ગઢવી સમક્ષ પોતાના ઉમેદવારી ફોર્મ ભર્યા હતા. આ પ્રસંગે ડીસા માર્કેટયાર્ડ ચેરમેન ગોવાભાઈ દેસાઈ, બનાસ બેકના ડીરેકટર અને ઉદ્યોગપતી માવજીભાઈ દેસાઈ રહે.બાઈવાડા તેમજ તાલુકા સંઘના મેનેજર ઈશ્વરભાઈ દેસાઈ, કોગ્રેસ અગ્રણી પ્રકાશભાઈ ભરતીયા, શહેર કોગ્રેસ પ્રમુખ દીપકભાઈ પટેલ તેમજ તાલુકા કોગ્રેસ પ્રમુખ પી.વી.રાજગોર સહીત સહકારી અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠામાં વણથંભી વિકાસ યાત્રાનું ઉષ્માભેર સ્વાગત કરાયું

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના રતનપુર, સાબલવાડ અને ચાંડપ ગામે આજે શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં વણથંભી વિકાસયાત્રાનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

રતનપુર ગામેથી વણથંભી વિકાસયાત્રાનુંપ્રસ્થાન કરાવતા મંત્રીએ જણાવ્યું હતું કે રાજયના મુખ્યમંત્રીની પ્રેરણાથી છેવાડાના ગામડાના માણસને વિકાસના મીઠા ફળ ચાખવા મળે અને સ્વરોજગારીની દિશામાં આગળ વધી આર્થિક રીતે ઉન્મૂલ થાય તેવા રાજય સરકાર દ્વારા પ્રયાસ કરવામાંઆવી રહ્યો છે. વધુમાં મંત્રીએ વણથંભી વિકાસયાત્રાના પ્રથમ દિવસે રતનપુર તાલુકા પંચાયત બેઠક વિસ્તારના ગામોમાં આંતર માળખાગત સુવિધાઓ વિકસાવવા રૂ. ૨૦.૦૫ લાખના ખર્ચે ૪૭૬ વિકાસના નવિન કામો આ ત્રિ-દિવસીય ચાલનાર વિકાસયાત્રામાં હાથ ધરવામાં આવશે એમ જણાવ્યું હતું.

મંત્રીએ આ વિકાસયાત્રાના પ્રથમ તબક્કામાં ૧૨ તાલુકા પંચાયતની બેઠકોને આવરી લેવામાં આવશે. આ પ્રસંગે ગ્રામ/તાલુકા અને જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્યોનું મંત્રી દ્વારા શાલ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ વણથંભી વિકાસયાત્રામાં ઈડર તાલુકા પંચાયતના પ્રમુખ પંકજ દેસાઈ, ઉપપ્રમુખ કાન્તિભાઈ પટેલ, અનુસૂચિત આર્થિક વિકાસ નિગમના ડિરેકટર છગનભાઈ પરમાર, ઈડર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ મુળજીભાઈ પરમાર, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયતના સદસ્યો સહિત આંગણવાડીના કાર્યકર બહેનો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડસણ ગામેથી મોટર સાઈકલ ચોરાઈ

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના ખેડાસણ ગામેથી એક ઈસમનું ઘર આગળ પાર્ક કરેલ મોટર સાયકલ કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયા હતા. આ અંગેની વિજયનગર પોલીસ મથકે નોંધ થઈ હતી. ૧૫મી ઓગષ્ટથી ૧૬મી ઓગષ્ટના રાત્રિના સમયે ખેડાસણ ગામેથી નંદુભાઈ લાલજીભાઈ પટેલે પોતાના મકાનની આગળથી બજાજ બોકસર મોટર સાયકલ નં. જી.જે. ૯ પી૯૩૪૧ની કિં. રૂ. ૧૦,૦૦ની કોઈ ચોર ઈસમે રાત્રીના સમયે કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલાની વિજયનગર પોલીસ મથકે નંદુભાઈ લાલજીભાઈ પટેલે ૨૨-૮-૨૦૧૨ના રોજ ફરિયાદ નોંધાયેલ હતી.

# વારેણા પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય દીન તેમજ તિથિ ભોજનની ઉજવણી કરાઈ



બાયડ, તા. ૨૩

બાયડ તાલુકાની વારેણા પ્રાથમીક શાળામાં ૧૫/૮/૨૦૧૨ ને બુધવવથના રોજ લાયન્સ કલબ બાયડના ખજાનચી રાજુભાઈ સોનીના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે શાળાના બાળકોએ સુંદર મજાનો રંગારંગ કાર્યક્રમ રજુ કર્યો હતો. આ પ્રસંગે લાયન્સ કલબ બાયડ તરફથી સમગ્ર બાળકોને સ્કેચપેન બિસ્કીટ તેમજ ચોકલેટનું વિતરણ કરવામાં આાવ્યું હતું. આ પ્રસંગે લાયન્સ કલબ બાયડના સભ્યો દિપકભાઈ સોની જે.એસ.પટેલ તથા ગ્રામજનોએ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું તેમજ તા.૧૭ના રોજ બાયડના રહીશ જીગરકુમાર, સ્વ જગદીશભાઈ પટેલ તરફથી શાળાના તમામ બાળકોને દાળ-ભાત, શાક-બુંદીનું ભોજન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન શાળાના આચાર્ય ઝુબેદાબહેન અને શાળા પરીવાર ધ્વારા કરવામાં આવ્યુ હતું.

# ડીસામાં ગાયત્રી મંદિર નજીક રાત્રી દરમ્યાન પાંચ હજારની લુંટ

ડીસા, તા. ૨૩

ડીસામાં ધરફોડ ચોરીઓ અને ચીલ ઝડપના અનેક બનાવો વધતા શહેરમાં અજાણ્યા તસ્કરોનો ભય ફેલાયો છે. આ તસ્કરોએ ભરચક શહેરી વિસ્તારને બાનમાં લઈ છેલ્લા બે દિવસમાં ફુવારા સર્કલ પાસે આવેલ રેડીમેન્ટ દુકાન તેમજ જનરલ સ્ટોર્સની દુકાનમાંથી લાખોની ચોરી કરી ગઈકાલે શાકમાર્કેટ વિસ્તારમાં આવેલ સપના રેડીમેન્ટની દુકાનનું પતરૂ તોડી ચોરી કરી હતી.

રાત્રીના નવ વાગ્યાના સુમારે શહેરના હાર્દસમા ગાયત્રી મંદિર નજીક કોઈ અજાણ્યા ચાર શખ્સોએ ગાયત્રી મંદીર સામે નાસ્તાની લારી ઉપર નાસ્તો કરી રહેલ દિનેશ બાબુલાલ દરજી રહે.અંબીકા ચોક તેમજ પ્રકાશ પ્રેમચંદ દરજી ઉમર વર્ષ-૩૦ રહે.પટેલ સોસાયટી વાળાને આવેલા વીસ થી પચીસ વર્ષના ચાર યુવાનો હાથમાં તલવાર તેમજ પાઈપ વડે તેમની પર હુમલો કરી તેમની પાસેથી પાંચ હજાર રોકડા તેમજ એક મોબાઈલની લુંટ કરી ફરાર થઈ ગયા હતા. આ બાબતની જાણ શહેર પોલીસને થતા શહેર પોલીસના પી.આઈ.આર.એમ.ભદોરીયા તાત્કાલીક ઘટના સ્થળે આવી પહોચ્યા હતા અને લુંટ કરનારા શખ્સોને પકડવાની તજવીજ હાથ ધરી હતી. ત્યાર બાદ ઘાયલ થયેલા બંન્ને યુવકોને ડીસાની સરકારી હોસ્પીટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. વધુ સારવાર આપ્યા બાદ પ્રાઈવેટ દવાખાને સારવાર અર્થે ખસેડવાની ફરજ પડી હતી. આ બનાવની ફરીયાદ શહેર પોલીસ મથકે નોધાવવા પામી છે.

# હિંમતનગરમાંથી વિદેશી દારૂ ભરેલી કાર પકડાઈ : ચાલક કાર મુકી ફરાર

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના પોષ વિસ્તાર એવા મહાવીરનગરના બંસીધર સોસાયટીમાંથી ગુરુવારના રોજ સાંજે વિદેશી દારૂ ભરેલી કાર પકડાઈ હતી. જયારે ચાલક નાસી છુટવામાં સફળ રહ્યો હતો. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

વિગત મુજબ જિલ્લા લોકલ ક્રાઈમને મળેલ બાતમીના આધારે નરેન્દ્ર થાપા કિશોરસિંહ અને હિંમતનગર ટાઉન પોલીસ મથકના ડી સ્ટાફના સાકાભાઈ દેસાઈ, ચંદ્રકાન્તભાઈ પરમાર અને હર્ષદ ખોખરીયાએ સંયુકત રીતે ગુરુવારના રોજ સાંજે ૫-૦૦ વાગેના સુમારે હિંમતનગર શહેરના પોષ વિસ્તાર એવા મહાવીરનગરના બંસીધર સોસાયટીમાં બી-૧૮ નંબરના મકાન આગળ ઈન્ડીગો માંઝા કાર નંબર જી.જે.-૧૮-એમ-૯૫૯૫ પડેલી જે કારને પોલીસ પકડવા જતા ચાલક કાર મૂકી નાસી ગયો હતો. જેથી પોલીસે કારમાં ચેક કરતા પાછલી સીટની પાછળ વિદેશી દારૂની પેટીમાં ૭૨ બોટલ કિંમત રૂ. ૨૫ હજાર ૬૦૦ની મળી આવી હતી. જેથી પોલીસે ૩ લાખની કાર મળી કુલ ૩ લાખ ૨૫ હજાર ૬૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો અને હિંમતનગર ટાઉન પોલીસ મથકે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી જાણવા મળ્યા મુજબ કારમાંથી એક મોબાઈલ મળ્યો હતો જેથી કંઈક લીંક મળશે તેવું મનાઈ રહ્યું છે. જે દિશામાં પોલીસ કાર્યવાહી કરી રહી છે.

## ઈડરના લાલોડા ગામે પત્થર પરથી યુવાન લપસી પડતા મોત

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના લાલોડા ગામે રહેતા અને મૂળ રાજસ્થાનના રાણઈવાડ તાલુકાના ગોલવાડા ગામના રાયમલભાઈ દુધારામ મેઘવાલ ઉં.વ. ૨૫ તેના પરિવાર સાથએ રહે છે. જે રાયમલભાઈ ગુરૂવારના રોજ ગામમાં લાલોડાના ડુંગર પર કામ કરી રહ્યા હતા જે બપોરના ૩૦ ફૂટ ઉપરથી પડી જતા શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી જેમને તાત્કાલિક સારવાર માટે હિંમતનગરની મેડીસ્ટાર હોસ્પિટલમાં દાખલ કરેલ. જ્યાં સારવાર દરમિયાન બપોરે ૧.૩૦ વાગે મોત નીપડતા હોસ્પિટલના ડોક્ટર વિશાલ સકસેનાએ હિંમતનગર ટાઉન પોલીસને જાણ કરી હતી. જેથી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલમાં લાવેલ અને પોસ્ટમોર્ટમ કરી તેમના પરિવારજનોને મૃતદેહ સોપ્યો હતો તેવું હિંમતનગર ટાઉન પોલીસમથકના સિવિલ વિભાગના જમાદાર બેચરજી ચૌહાણે જણાવ્યું હતું.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

ફ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

## ટેન્ડર નોટીસ

**ગાંધીનગર જિલ્લામાં વિડીયોગ્રાફી સી.ડી. સાથે ડીઝીટલ કેમેરા - ફેક્સ મશીન - ડીવીડી પ્લેયર (સી. ડી. સાથે) લેસર પ્રિન્ટર - સ્કેનર કમ પ્રિન્ટર વિડીયો પ્રોજેક્ટર, લેપટોપ પુરા પાડવા માટે ટેન્ડર નોટીસ**

નં. ઈએલસી/વિ.સ.ચૂ.વશી/૧૫૯૦/૨૦૧૨ કલેક્ટર કચેરી, ગાંધીનગર

આથી, વિડીયોગ્રાફી ડીઝીટલ કેમેરા, ફોટોગ્રાફી વિ.ની કામગીરી કરતા કોન્ટ્રાક્ટરોને જણાવવામાં આવે છે કે, વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૨ માટે ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ઉપર મુજબના સાધનો ભાડેથી પૂરા પાડવા તથા વિડીયોગ્રાફી કરવા માટે નિયત ટેન્ડર ફોર્મમાં સીલબંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ ફી પેટે રૂ. ૧૦૦૦/- સરકારશ્રીમાં ચલનથી જમા કરાવી અત્રેની કચેરીની ચૂંટણી શાખામાંથી કચેરીના કામકાજના સમય દરમિયાન મેળવી લેવાનું રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મ તા. ૩/૯/૧૨ના ૧૫-૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીની ચૂંટણી શાખામાં અથવા ટપાલ મારફત મોકલી આપવાનું રહેશે. ભાવપત્રકના કવર ઉપર "વિડીયોગ્રાફી કામગીરી વિ. માટેનું ભાવપત્રક" મોટા અક્ષરે લખવું. સમય મર્યાદામાં મળેલ ભાવપત્રકો તા. ૪/૯/૨૦૧૨ના રોજ ૧૭-૦૦ કલાકે અત્રેની કચેરીએ ખોલવામાં આવશે. આવેલ ટેન્ડરો પૈકી એક કે તમામ ટેન્ડરો કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય મંજુર કે નામંજુર કરવાની સત્તા નીચે સહી કરનારની રહેશે.

સ્થળ : ગાંધીનગર સહી/-
તા. ૨૩/૮/૨૦૧૨ (પી. સ્વરૂપ)
કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી,
માહિતી/૧૧૪૪/૧૨-૧૩ ગાંધીનગર